વિજયનગરના પાલના રહીશને પૌરાણિક સિક્કા સંગ્રહ કરવાનો ગજબનો શોખ

સૈકાઓ જુના સિક્કા મોજુદ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૭

ભારતીય ચલણ વ્યવહારમાં આવ્યા પછી તેમાં સમયાંતરે બદલાવ થતા હોય છે. ઢબુ પૈસાથી માંડી રૂા.૨૦૦૦ની નોટના સફરમાં આજ સુધીના ચલણનો ગજબનો સંગ્રહ વિજયનગર તાલુકાના પાલ ગામના પસાભાઈ પંચાલ પાસે દુર્લભ મૂડી બની રહ્યો છે. પૌરાણિક ચલણ એકત્ર કરવાની ધુનમાં અત્યાર સુધીમાં સૈકાઓ જુના સિક્કા તેમની પાસે જોવા મળી રહ્યા છે. સંગ્રહીત થયેલ સિક્કાઓમાં ઢબુ પૈસો, નવો પૈસો, કાણો પૈસો, તાંબાના બેવડીયા, આણા, રાણી સિક્કા અને રાણી વિક્ટોરીયા સમયનું ચલણ તેમની પાસે સચવાયું છે.

તાલુકાના પાલ ગામના પસાભાઈ પંચાલને ભારતીય જુનું ચલણ સંગ્રહીત કરવાનો શોખ જાગતાં દૂર દૂરની સફર ખેલીને આજે તેમની પાસે પૌરાણિક સિક્કાઓનો દુર્લભ ખજાનો સચવાયો છે. ભારતીય ચલણ પર જર્યોજ એમ્પીરોર, જવાહરલાલ નહેરૂ, ગાંધીજી જેવા મહાનુભાવોની તસવીર સાથેનું ચલણ એકત્ર કરવામાં આવ્યું છે. ચલણી નોટો વ્યવહારમાં આવ્યા પછી ૧ રૂા. થી ૨૦૦૦ રૂા.ની નોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે ૨૦૦ વર્ષ જૂની સ્ટેમ્પ ટીકીટનો તેમને સંગ્રહ કર્યો છે. ઢબુ પૈસાનું મહત્વ સાથે અચરજ પમાડે તેવું ચલણ હતું ઢબુ પૈસો ૧૦ ગ્રામનો છે જેને કોઈ ચોક્કસ ઘાટ આપવામાં આવ્યો નથી. ૧ પૈસાને પૈ તરીકે ઓળખ થતી હતી કાણા પૈસાની વચ્ચે કાણું રાખવામાં આવતાં કાણો નામ આપ્યાનું મનાઈ રહ્યું છે. તાંબાના સિક્કાની બેવડીયા તરીકે ઓળખ થતી હતી. જે સિક્કા પણ તેમની પાસે સંગ્રહીત થયા છે. ૧૯૯૨ અને ૧૮૮૨ ના ૨૫ પૈસા, ભારત ઉપર ૧૫૭ વર્ષ રાજ કરનાર બ્રિટીશ સરકારના સમયમાં ૧૯૧૭માં ૩૦ નવેમ્બરે ૧ રૂા.ની નોટ ચલણમાં મૂકવામાં આવી હતી. જર્યોજ પાંચમાંના સમયમાં ૧ રૂા. પ્રોમીસરી નોટ તરીકે રજૂ કરવામાં આવતો હતો તે પૌરાણિક ચલણી નોટ પણ પાલના શોખીને સંગ્રહીત કર્યો છે. ટૂંકમાં પાલમાં દુર્લભ પૌરાણિક સિક્કાઓ અને ચલણનો ખજાનો સંગ્રહીત થયો છે.

જિલ્લામાં વાદળછાયા વાતાવરણ - હવામાન પલટાવથી ખેડૂતોની ચિંતા વધી

શિયાળામાં હવામાનના ઠુમકા : વાદળોની લાંબા સમયની હાજરીથી ખેતીમાં રોગચાળો વકરવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

નવેમ્બર મહિનામાં હવામાન વિભાગે બેવફા બનવાની પરંપરા જાળવી રાખી છે. પાછલા બે દિવસથી રાત્રે ઠંડીનો તિવ્ર ચમકારો અને બપોરે ગરમીથી ખેડૂતોની ચિંતા વધી છે ત્યાં બુધવારે જિલ્લાના અનેક વિસ્તારોમાં તેજ પવન સાથે શીતવાયરા ફૂંકાતા હવામાન પલટાવની સંભાવનાના કારણે ખેડુતોની ચિંતા વધી છે. ક્યારેક વાદળછાયા વાતાવરણના કારણે ખેડૂતો ચિતિંત બની જાય છે.

જિલ્લામાં પાછલા ૫ વર્ષથી ઋતુચક્ર અવળાપાટે ચાલી રહ્યું હોય તેમ વાતાવરણમાં નાટ્યાત્મક બદલાવ જોવા મળી રહ્યા છે. શિયાળાના આરંભે રવી સીઝનની ખેતી માટે અનુકુળ માહોલ ન હોવાથી ખેડૂતોને રવી વાવેતર માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવી પડી હતી. રવી વાવેતરનો આરંભ થયા પછી માંડ ખેતી માટે અનુકુળ માહોલ ઉભો થયો હતો ત્યાં છેલ્લા ૨ દિવસથી હવામાનમાં ફરી બદલાવ આવ્યો છે. હવામાન વિભાગે માવઠાની આગહી કરતાં રવી વાવેતર કરનારા અનેક ખેડૂતોના જીવ અધ્ધર થયા છે. જો માવઠું વરસે તો ખેડૂતોના અગાઉના તૈયાર પાકને પણ નુકસાન થઈ શકે છે. જિલ્લામાં માંડ ઠંડીનો ચમકારો પ્રજાએ અનુભવ્યો હતો ત્યાં વાતાવરણના બદલાવથી સવાર-સાંજ શિયાળાની સામાન્ય અનુભૂતિ અને બપોરે ઉનાળા જેવી ગરમી અનુભવાઈ રહી છે.

૨૦ લાખ ગરીબોનો આર્તનાદ : ઉત્તર ગુજરાતમાં ગરીબોનું જીવન બન્યું કષ્ટદાયક

૨ વર્ષમાં આવશ્યક ૨૦ ચીજવસ્તુ મોંઘી થતાં ઝૂંપડાંમાંથી અદ્રશ્ય

હિંમતનગર તા.૧૭

ઉત્તર ગુજરાતના ૨૦ લાખથી વધુ ગરીબ પરિવારોનું જીવન પાછલા ૨ વર્ષમાં કષ્ટદાયક બની ગયું છે. કારણ કે ૨ વર્ષમાં આવશ્યક ૨૦ થી વધુ ચીજવસ્તુ મોંઘી થતાં ડુંગળી, અડદદાળ, લસણ વગેરે થાળીમાંથી જ અદ્રશ્ય થઈ ગયાં છે. જ્યારે સરકારનો કોઈ અંકુશ ન હોય તેવી સ્થિતિ પણ નિર્માણ પામી છે. ઉત્તર ગુજરાતમાં જ પાછલા ૨ વર્ષમાં ૨૨ માંથી આવશ્યક ગણાતી ૨૦ ચીજો મોંઘી થઈ ગઈ છે. આ માત્ર ઉત્તર ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશને લગતી સમસ્યા છે. વિભાગના મંત્રીએ લોકસભામાં પણ તેનો સ્વીકાર કરેલો છે. ડુંગળી, બટાકા, અડદ, તુવેર પકવતા ખેડૂતો પાયમાલ છે પરંતુ તેનો સંગ્રહ કરી ઉંચા ભાવે વેચતા વેપારીઓ માલામાલ બની ગયા છે. પાછલા ૩ મહિનાની જ વાત કરવામાં આવે તો અગાઉ બટાકા ત્યારબાદ ડુંગળી અને લસણના ભડકે બળતા ભાવથી ગરીબ, મધ્યમ તો ઠીક પરંતુ અમીર પરિવારો પણ સમસમી ઉઠ્યા છે. સરકાર દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાગમાં લાગેલી તેજાબી આગને ઠારવામાં નહીં આવે તો રાજ્ય અને કેન્દ્ર સરકાર સામે મોંઘવારીનો માર મોટો પડકાર બનીને ઉભો રહી શકે છે. કેટલાક વેપારીઓના જણાવ્યા અનુસાર ગત જાન્યુઆરીમાં રૂા.૧૮ના ભાવે મળતી ડુંગળી અત્યારે રૂા.૬૦ના ભાવે મળી રહી છે. અડદની દાળમાં પણ કીલો દીઠ રૂા.૪૦ થી ૪૫ નો ઉછાળો આવ્યો છે. ટૂંકમાં સરકારે ભાવને કાબુમાં લેવા માટે ખાસ નિયંત્રણો લાદવા પડશે અન્યથા ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ગરીબો રોજગારી તો મેળવશે પરંતુ આવશ્યક ચીજવસ્તુઓમાં ભાવ વધારાના ગ્રહણથી ભૂખ્યા પેટે સૂઈ રહેવાનો વારો આવશે.

આગામી દિવસોમાં પામોલીન તેલનો ભાવ ભડકે બળી રહ્યો છે તે જોતાં ગરીબોના ઘરમાંથી તેલનાં ટીપાં પણ અદ્રશ્ય થઈ જાય તો નવાઈ જેવું નહીં હોય.

સરકાર દ્વારા વિકાસના સર્વોચ્ચ દાવા કરવામાં આવે છે. દાવાઓમાં સત્યતા હશે પરંતુ વિકાસના સર્વોચ્ચ દાવાની આંધળી દોટમાં ક્યાંક ગરીબો ભૂલાતા હોય તેવી તાસિર પણ ઉભરી છે. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે ભાજપ દ્વારા વધતી મોંઘવારી સામે કેન્દ્રને આડેહાથે લેવામાં આવતી હતી. છેલ્લા ૭ વર્ષથી દેશમાં ભાજપનું શાસન છે પરંતુ મોંઘવારી ઘટવાના બદલે બમણા જોરથી વધી રહી છે. ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીના ભાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચતાં ગરીબોની સાથે મધ્યમ વર્ગ પરિવાર પણ સમસમી ઉઠ્યો છે.

સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલનો છાશવારે વિરોધ કરતી ટોળકીની હવા નીકળી

મોડાસામાં રૂા.૩ કરોડના ખર્ચે તૈયાર શ્રીકમલમ્-અરવલ્લીનું આવતીકાલે લોકાર્પણ

ભાજપ પ્રદેશ પ્રમુખ સહિત આગેવાનોની ઉપસ્થિતિ, ભાજપના કાર્યકરોમાં ખુશાલી

હિંમતનગર તા.૧૭

અરવલ્લીના પાટનગર મોડાસામાં રૂા.૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ ભાજપના કાર્યાલય શ્રીકમલમ્ અરવલ્લીનું દેવદિવાળી શુક્રવારના દિવસે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે લોકાર્પણ થવાનું છે. તમામ સુવિધા સાથેના ભાજપના કાર્યાલયમાં સંગઠન હોદ્દેદારો, કાર્યકરો અને આમ પ્રજાનો અમૂલ્ય સહયોગ બનતાં ભવ્ય શ્રીકમલમ્-અરવલ્લીનું સ્વપ્ન સાકાર થયું છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને તેમની ટીમે છેલ્લા એક વર્ષથી દિવસ-રાત જોયા વગર કાર્યાલયના નિર્માણમાં આપેલા યોગદાનની ભાજપ કાર્યકરોએ નોંધ લીધી છે તેમજ પૂર્વ સંગઠન હોદ્દેદારોના વિચારને મૂર્તિમંત કર્યો છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલનો છાશવારે ગાંધીનગર પહોંચીને વિરોધ કરતી તકવાદી ટોળકીની હવા નીકળી ગઈ છે.

દરેક જિલ્લામાં ભાજપના સુવિધાયુક્ત કાર્યાલય હોવા જોઈએ જેથી યોગ્ય રીતે તમામ મંડળોમાં સંગઠનની કામગીરી તેમજ સરકારની યોજનાઓ પ્રજા સુધી પહોંચે તેવા પ્રયાસ પણ કરી શકાય. નવરચિત અરવલ્લી જિલ્લામાં ભાજપના કાર્યાલય માટે વિચાર તરતો મુકાયો. પૂર્વ સંગઠન, હોદ્દેદારો, જિલ્લા સંગઠન પ્રભારી અને જિલ્લા પ્રભારી મંત્રી દ્વારા સત્વરે અરવલ્લીમાં ભાજપનું કાર્યાલય તૈયર થાય તે માટે પ્રયાસો સતત થતા રહ્યા અને આખરે ભાજપના લાખો કાર્યકર્તાઓનું સ્વપ્ન દેવદિવાળીના દિવસે સાકાર થઈ રહ્યું છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, મહામંત્રી ભીખાજી ડામોર, હસમુખ પટેલ, જગદીશ ભાવસાર, વગેરેએ જિલ્લા ભાજપના તમામ ૮ મંડલમાં તબક્કાવાર સંગઠન તેમજ ચુંટાયેલા સભ્યો-પદાધિકારીઓ તેમજ ભાજપના આગેવાનો સાથે બેઠકો યોજી કાર્યકર્તા પણ કાર્યાલયના નિર્માણમાં સહયોગ આપે તો વિચાર મુકવામાં આવ્યો અને તમામ કાર્યકરોએ યથાશક્તિ ફાળો આપ્યો જેના કારણે જિલ્લા ભાજપના કાર્યકરોનું અદ્યતન ભાજપ કાર્યાલયનું સ્વપ્ન સાકાર થયું છે. ન ભૂતો, ન ભવિષ્યતિ ની જેમ ભાજપના આધુનિક કાર્યાલયમાં ૧૬ રૂમ, કોન્ફરન્સ હોલ સહિત અદ્યતન વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. આવતીકાલે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ ઉપરાંત પ્રદેશ સંગઠન મહામંત્રી, રત્નાકરજી, ઉત્તર ઝોન પ્રભારી રજનીભાઈ પટેલ સહિતના ભાજપના આગેવાનો આ તબક્કે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં પૂર્વ-વર્તમાન સાંસદ, ધારાસભ્યો વગેરે પણ ઉપસ્થિત રહી યાદગાર પળના સાક્ષી બનશે. પ્રદેશ પ્રમુખના આગમનને વધાવવા અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમીત પટેલ, મંત્રી તપન પટેલ સહિત યુવા મોરચા દ્વારા મોડાસા સરકીટ હાઉસથી વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલનો વિરોધ કરનારાઓના મોં ઉતરી ગયા

હિંમતનગર

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ સામે વિરોધી ગ્રૂપે રીતસરનો મોરચો માંડી પ્રમુખ પદેથી દૂર કરવા માટે કમલમ્ ગાંધીનગર સુધી રજુઆતો કરી હતી સ્થાનિક સ્વરાજ્યના ચુંટણી જંગમાં જિલ્લામાં ભાજપને અકલ્પનીય જીત મળતાં વિરોધીયોના પેટમાં તેલ રેડાયું હતું. પરંતુ આખરે સત્યનો વિજય થતો હોય છે તે ઉક્તિ અનુસાર સંગઠન પ્રમુખ સામે મોરચો માંડનારા મોટાભાગના કોઈકના ઈસારે કમલમ્ પહોંચ્યા હતા અને ત્યાં તેમની કોઈ દાળ ગળી ન હતી. ત્યાર પછી સંગઠન પ્રમુખે વિચલિત થયા વગર જિલ્લામાં ભાજપ સંગઠનને વધુ મજબૂત કરવાની સાથે ભાજપના લાખો કાર્યકર્તાઓના સ્વપ્ન સમા શ્રીકમલમ્-અરવલ્લી ભાજપ કાર્યાલય ગણતરીના મહિનાઓમાં તૈયાર કરી આવતીકાલે ભવ્ય લોકાર્પણ થશે. સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલનો વિરોધ કરનારાઓને વિશાળ કમલમ્ કાર્યાલયનું નિર્માણ કરી વિરોધ કરતા રહો હું તો કામ કરતો રહીશની જેમ સૌનો સાથ લઈને જડબાતોબ જવાબ આપી દીધો છે. રાજેન્દ્ર પટેલનો એક તબક્કે વિરોધ કરનારા અનેક વિરોધીઓ તેમના સમર્થક બની ગયા છે જ્યારે કેટલાંક વિરોધીઓના રીતસરના મોં ઉતરી ગયાનું જાણવા મળ્યું છે.

ભાજપમાં યોજાનારા ભરતી મેળાથી અદના કાર્યકરોમાં રોષ

હિંમતનગર

અરવલ્લી વડા મથક મોડાસામાં શ્રી કમલમ્ અરવલ્લીનું શુક્રવારે લોકાર્પણ થવાનું છે ત્યારે કોંગ્રેસના કેટલાંક આગેવાન કાર્યકરો, સહકારી આગેવાનો ભાજપમાં જોડાવાની જોરદાર ચર્ચા વચ્ચે તેની તૈયારીઓ શરૂ થઈ છે. ભાજપ વિશ્વનો સૌથી શક્તિશાળી રાજકીય પક્ષ હોવાની સાથે અરવલ્લીમાં પણ પાછલા ૪ વર્ષમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બન્યું છે. ફેબ્રુઆરી-૨૦૨૧માં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભાજપે તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જીત મેળવી ભાજપનો ભગવો લહેરાવ્યો છે. તેમ છતાં કોંગ્રેસના કેટલાંક કાર્યકરોને ભાજપમાં પ્રવેશ આપવા સામે મોડાસા, ધનસુરા, બાયડ, ભિલોડા, માલપુર અને મેઘરજ તાલુકાના ભાજપના અદના કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ભાજપે હવે કોંગ્રેસના ભરતી મેળા બંધ કરવા જોઈએ તેવું પણ આક્રોષ સાથે જાહેરમાં બોલી રહ્યા છે.

માત્ર કાગળ ઉપર દેખાડાતી કામગીરીનો પરપોટો ફૂટ્યો

બિમારૂ જિલ્લો : સાબરકાંઠા, અરવલ્લીમાં ટીબીના દર્દીઓમાં વધારો

ક્ષય નિયંત્રણ વિભાગની ખાડે ગયેલી કામગીરીની નિષ્પક્ષ તપાસ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વાયરલ રોગચાળાએ કાયમી ઘર કરી લેતાં બિમારૂ જિલ્લા તરીકે આગામી સમયમાં ઓળખ મળે તો કદાચ નવાઈ નહીં હોય. બંન્ને જિલ્લામાં ક્ષય નિર્મૂલનના દાવા થઈ રહ્યા છે પરંતુ ક્ષય નિયંત્રણ કામગીરી બેઅસર સાબિત થઈ છે. જિલ્લામાં ટીબીના દર્દીઓમાં વધારો થવા છતાં ક્ષય નિવારણ વિભાગની ખાડે ગયેલી કામગીરીનો પરપોટો ફૂટ્યો છે. ટીબીના દર્દીને તેની અનુકુળતા મુજબ ડોટની સારવાર આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં ક્ષયના દર્દીઓ વધી રહ્યા છે.

ક્ષય રોગના નિયંત્રણ માટે રેલીઓ સહિતના અનેક તાયફાના આયોજનમાં બંન્ને જિલ્લાના વિભાગો અગ્રેસર રહ્યા છે. સરકાર સમક્ષ બંન્ને જિલ્લાના ૧૪ તાલુકામાં રોગના નિયંત્રણ ઉપર ખાસ્સો કાબુ મેળવ્યાના દાવા કરવામાં જરા પણ પાછી પાની થઈ નથી. જો સરકારી અને ખાનગી દફતરે હજુપણ હજારો ટીબીના દર્દીઓ નોંધાયેલા છે. તેનો મતલબ એ થયો કે જિલ્લામાં આ આંકડો ૨ થી ૩ ગણો હોઈ શકે છે. ટૂંકમાં ક્ષય રોગ ઉપર અંકુશ મેળવવા માટે ફાળવવામાં આવતું બજેટ ખરેખર યોગ્ય રીતે વપરાય છે કે પછી માત્ર ૫-૧૦ પોસ્ટર બનાવી બધી જ ગ્રાન્ટ ઓહીયા થઈ જતી નથી ને..?? કારણ કે આરોગ્ય વિભાગની મથરાવટી પહેલેથી જ મેલી થયેલી છે. ડીસ્ટ્રીક્ટ ટીબી ઓફીસરોની દેખાડા પૂરતી કામગીરીની જેમ જ ભૂતકાળમાં જે રીતે આરોગ્ય વિભાગમાં અનેક કૌભાંડ બહાર આવ્યાં અને જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ સાબરકાંઠાના અગાઉના અને અરવલ્લીના વર્તમાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સામે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જે પ્રકારના આક્ષેપો થયેલા છે તે જોતાં કોઈપણ વિભાગ એવો નથી રહ્યો કે જ્યાં ભ્રષ્ટાચારનો સડો પેસ્યો ન હોય.

અરવલ્લીમાં અગાઉના ડી.ડી.ઓ.ના આદેશનું સૂરસૂરીયું..!!

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાની ગ્રામ વિકાસ શાખામાં બાયોમેટ્રીક હાજરી પૂરવાનો આદેશ અધ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

અરવલ્લી જિલ્લાના ગ્રામ વિકાસ શાખામાં ચાલતી લાલીયાવાડી, કર્મચારીઓની અનિયમિતતા બાબતે અરવલ્લી જિલ્લાના અગાઉના જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાએ બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પૂરવાનો આદેશ આપતાં ૬ તાલુકાની ગ્રામ વિકાસ શાખામાં હલચલ મચી હતી પરંતુ પુર્વ ડી.ડી.ઓ.ના આદેશોનું સૂરસૂરીયું થઈ ગયું છે અને કર્મચારીઓની બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પૂરવાનો નિર્ણય હજુ પણ અમલમાં ન હોવાથી લેઈટલતિફ કર્મચારીઓની મોજ પડી ગઈ છે. જો કે મોટાભાગની તાલુકા પંચાયતોના અધિકારી-કર્મચારીઓની અનિયમિતતા ઉપર અંકુશ લાવવા માટે તમામ કર્મચારીઓની બાયોમેટ્રીક હાજરી પૂરવાની પ્રજાએ માંગ કરી છે.

પંચાયત વિભાગના તમામ કર્મચારી-અધિકારીઓની બાયોમેટ્રીક હાજરી પૂરવાની પ્રજાની માંગ

અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ચાલતા અનહદ ભ્રષ્ટાચારની ફરિયાદ ભૂતકાળમાં સી.એમ.ઓ., પી.એમ.ઓ. સુધી પહોંચી હતી. જ્યારે ગ્રામ વિકાસ એજન્સીના એક અધિકારી મહિલા કર્મચારીઓને મેસેજ મોકલતા હોવાની ગરમા ગરમ ચર્ચા પણ જે તે સમયે કર્મચારી વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની હતી. પરંતુ લાગે છે કે હવે અરવલ્લી જિલ્લામાં નિષ્ઠાવાન અધિકારીઓની નિયુક્તિ પછી પ્રજાનાં કામ ઝડપથી અને કોઈપણ પ્રકારના પ્રસાદ વગર પૂરાં થશે. અગાઉના ડી.ડી.ઓ. દ્વારા વિકાસ કામોની જાત તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ અનેક વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને ગ્રામ વિકાસ શાખામાં કામ કરતા ગ્રામ વિકાસ કો.ઓર્ડીનેટરો અને ટેકનિકલ આસીસ્ટન્ટોની સેજામાં આવતી પંચાયતોમાં તેમની કામગીરી બાબતે અનિયમિતતા ધ્યાન ઉપર આવી હોય કે પછી અન્ય કોઈ કારણોસર આવા તમામ કર્મચારીઓ સમયસર ૧૦-૩૦ કલાકે પંચાયતમાં પહોંચી પોતાની હાજરી પૂરવાર કરે તે માટે બાયોમેટ્રીક દ્વારા હાજરી પૂરવાના આદેશ થયા હતા પરંતુ તેમની બદલી થયા પછી તેનો યોગ્ય અમલ થતો નથી.

૩ દિવસની યાત્રા પછી ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું બહાર પડે તેવી વકી

જિલ્લામાં આજથી આત્મનિર્ભર ગ્રામયાત્રાનું આયોજન : આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ એક પછી એક પ્રજા સુધી પહોંચવાના સરકારનો નિર્ણય

બાયડ, તા. ૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ કરતી ૪૯૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજવાનો ધમધમાટ શરૂ થયો છે. રાજ્યની ૧૦,૫૦૦ થી વધુ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સરકાર અને ભાજપ માટે વિધાનસભાની ચૂંટણી અગાઉ સેમી ફાઈનલ જેવી બની રહેવાની છે ત્યારે સરકારે પણ આઝાકી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ ગામડે ગામડે અને પ્રજા સુધી પહોંચવાના એક પછી એક કાર્યક્રમો હાથ ઉપર લેતાં વિધાનસભા ચૂંટણી પણ વહેલી યોજાય તેવી અટકળો છે. તા. ૧૮ થી ૨૦ નવેમ્બર દરમ્યાન સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની કુલ ૬૬ જિલ્લા પંચાયત બેઠકોને આવરી લેતી આત્મનિર્ભર ગ્રામયાત્રાનું આયોજન થયુ છે. યાત્રાની પૂર્ણાહૂતિ પછી ગમે તે ઘડીએ મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાનું જાહેરનામું અમલી બની શકે છે. સરકાર દ્વારા કોરોનાના કારણે છેલ્લા ૧૮ મહિનાથી હાંશિયામાં ધકેલાયેલા સેવાસેતુ કાર્યક્રમનો ૭ મો તબક્કો શરૂ કરી પ્રજાને એક જ સ્થળેથી જરરી દાખલા, ઉતારા મળવાની સુવિધા ઉપલબ્ધ કરાવી દીધી છે. ત્યારબાદ નિરામય ગુજરાતના કાર્યક્રમની ઉજવણી પણ શરૂ થઈ છે અને હવે આઝાદી કા અમૃત મહોત્સવ નેજા હેઠળ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓને આવરી લઈ આત્મનિર્ભર ભારત હેઠળ ૩ દિવસની ગ્રામયાત્રાઓનું આયોજન થવાનું છે. ગ્રામયાત્રાઓના આયોજન અને તેની સફળતા માટે બન્ને જિલ્લાના સમારહર્તાઓ દ્વારા તબક્કાવાર જે તે વિભાગના અધિકારી સાથે બેઠક યોજવાની સાથે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે. જે વિસ્તારોમાં વિકાસના કામો પુરા થયા છે, નવા વિકાસના કામો મંજૂર થયા છે ત્યાં લોકાર્પણ, ખાતમુહૂર્ત તેમજ લોન સહાય સહિતના ચેકનું વિતરણ અને અન્ય કાર્યક્રમો આયોજીત થયા છે. આત્મનિર્ભર ગ્રામયાત્રા દરમ્યાન સફાઈ ઝુંબેશ ઉપરાંત ગ્રામ વિકાસ, કૃષિ, માર્ગ-મકાન, વન અને પર્યાવરણ, આરોગ્ય પરિવાર, પંચાયત સહિતના વિવિધ ૧૧ વિભાગોને આવરી લઈને સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના જરૂરીયાતમંદને મળે તેવા પ્રયાસ પણ કરવામાં આવશે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ યાત્રાનું આયોજન કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. કારણ કે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસ નોંધાયા છે. અરવલ્લી જિલ્લામાં પણ શંકાસ્પદ કેસમાં ઉછાળો આવ્યો છે તે જોતાં વહીવટીતંત્રની સામાન્ય ચૂક પણ સરકાર ઉપર પસ્તાળ લાવી શકે છે.

પ્રાંતિજ સહિત તાલુકામા પાયાના ખાતરની અછત

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા રવીપાકની સિઝનમા જ ડીએપી ખાતર અને પ્રોટાશ ના મળતા હાલતો ખેડુતો આમ તેમ ભટકી રહ્યા છે. હાલ ઘઉ, રાયડો, ધઉ, જવ, બટાકા, સહિત શાકભાજીની રવિ પાકમા પાયાના ખાતર તરીકે ઉપયોગી ખાતર ડીએપી, પ્રોટાશ ના મળતા હાલતો ખેડૂતોને આમતેમ ભટકવાનો વારો આવ્યો છે ત્યારે હાલતો સહકારી ગોડાઉન તથા સંઘ તથા ખાનગી દુકાનોમા પણ રવિ પાક માટે પ્રથમ જરૂરીયાત ડીએપી ખાતર ના મળતા ખેડુતોની હાલત કફોડી બની છે એકબાજુ ખાતરમા ભાવ વધારો અને બીજીબાજુ વાવણી સમયે જ ખાતરમા અછત હોવાથી ખેડૂતોને ઉચાભાવે ખાતર લેવાનો વાળો આવ્યો છે અને ઉચ્ચા ભાવ આપવા છતાંય બજારમા ડીએપી તથા પ્રોટાશ ખાતર બજારમા મળતુ નથી ત્યારે ખેડૂતો રવિ સિઝનમા જ ખાતર ના મળતા નિરવસ બન્યા છે ત્યારે જવાબદાર તંત્ર આ અંગે ઝડપી કાર્યવાહી હાથ ધરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે .